# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૬ - A તા.૧૯-૦૭-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : વર્ષ ૨૦૨૪-૨૫માં બાળમેળા અને લાઈફ સ્કીલ બાળમેળા યોજવા બાબત.
સંદર્ભ : ક્રમાંક : જશભ/બાળમેળા/૨૦૨૪-૨૫/૧૩૭૪-૧૩૭૯ તા.૧૮-૦૭-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બેગ લેશ દિવસોને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓના જીવન કૌશલ્યને ખિલવવા ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય બાળમેળો અને ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાળમેળાનું આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે. આ અંગેની ગ્રાન્ટ યુ.આર.સી./સી.આર.સી ના ખાતામાં જમા આપવામાં આવશે. આ બાળમેળના આયોજનના ફોટોગ્રાફ સાથેનો અહેવાલ સી.આર.સી.કો.ઓર્ડિનેટર મારફત ઝોન ઓફિસ આપવાના રહેશે અને ઝોન ઓફિસ દ્વારા એક કોપી ડાયટ ખાતે આપવાની રહેશે.

- **બાળમેળા યોજવાની તારીખ :**

| | | |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | ધો. ૧ થી ૫ | તા.૨૭-૦૭-૨૦૨૪ |
| ઉચ્ચત્તર પ્રાથમિક કક્ષા | ધો. ૬ થી ૮ | તા.૦૩-૦૮-૨૦૨૪ |

- **ટોક શૉના સુચિત વિષય :**

(૧) મારા સપનાનુ ભારત
(૨) મારી શાળા-મારા વિચાર
(૩) પર્યાવરણ બચાવો-દેશ બચાવો
(૪) મારી સામાજિક ફરજ
(૫) સ્વાસ્થ્ય અને સુખાકારી
(૬) ટ્રાફિક અવેરનેશ
(૭) પોષણયુકત ખોરાકનો સ્વીકાર
(૮) મારી સલામતી સૌની સલામતી
(૯) આપણો સાંસ્કૃતિક વારસો
(૧૦) આપણા ઉત્સવો
(૧૧) ઈન્ટરનેટ અને ટેકનોલોજી - આશિર્વાદ કે અભિષાપ
(૧૨) એક શ્રેષ્ઠ ભારત
(૧૩) મારૂ કૌશલ્ય

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા. ૧૯-૦૭-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

સત્યમેવ જયતે
Govt. of Gujarat
પ્રાચાર્ય

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંકઃજશભ/બાળમેળા/૨૦૨૪-૨૫/૧૩૭૪-૧૩૭૯
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ફોન / ફેકસઃ (૦૭૯) ૨૯૭૯૬૭૫૫
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
Web : www.dietahmdcity.org
તારીખઃ ૧૮/૦૭/૨૦૨૪

---

પ્રતિ,
શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ,
અમદાવાદ

વિષયઃ- વર્ષ ૨૦૨૪-૨૫ માં બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળા યોજવા બાબત

સંદર્ભઃ- જીસીઇઆરટીના પત્રાંકઃ જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૪-૨૫/૧૪૫૩૮-૧૪૬૪૮ તા. ૧૫/૦૭/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં ભલામણ કરી છે કે કલા કવીઝ રમત અને વ્યાવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગ લેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ બેગ લેસ દિવસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખીલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિઓ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે. સમગ્ર રાજયમાં નીચેની વિગતે બાળમેળાનું આયોજન કરવાનું થાય છે તો આપના તાબાની શાળાઓમાં બાળમેળાનું આયોજન અને અમલીકરણ થાય તે માટે આપની કક્ષાએથી આદેશ કરવા વિનંતી છે.

## બાળમેળા આયોજન માટે માર્ગદર્શક સૂચનાઓઃ-

૧. વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, નગર શિક્ષણ સમિતિની શાળાઓ, આશ્રમ શાળાઓ, મોડેલ સ્કૂલ, કેજીબીવી અને ગ્રાન્ટેડ શાળાઓમાં બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળાનું આયોજન કરવાનું રહેશે.
૨. બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય અને આનંદદાયી અને પ્રવૃતિલક્ષી શિક્ષણ મળે તે પ્રકારનું આયોજન કરવું.
૩. શિક્ષકશ્રી દ્વારા બાળકો માટે બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યાર બાદ બધી પ્રવૃતિઓમાં બધા બાળકો ભાગ લે તે રીતે જુદા જુદા ગ્રુપમાં રોટેશન મુજબ આયોજન કરવાનું રહેશે.
૪. બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળામાં "ટોક શો" નામથી પ્રવૃતિઓમાં નીચે આપેલ નમૂનાના વિષયો આપી શકાશે. આ સિવાયના વિષયો આપના અનુભવના આધારે ઉમેરી શકાશે.

### "ટોક શો" ના સૂચિત વિષયોઃ-

| | |
|---|---|
| ૧. મારા સપનાનું ભારત | ૨. મારી શાળા – મારા વિચારો |
| ૩. પર્યાવરણ બચાવો – દેશ બચાવો | ૪. મારી સામાજિક ફરજ |
| ૫. સ્વાસ્થ્ય અને સુખાકારી | ૬. ટ્રાફિક અવેરનેશ |
| ૭. પોષણયુકત ખોરાકનો સ્વીકાર | ૮. મારી સલામતી સૌની સલામતી |
| ૯. આપણો સાંકૃતિક વારસો | ૧૦. આપણા ઉત્સવો |
| ૧૧. ઇન્ટરનેટ અને ટેકનોલોજી – આર્શિવાદ કે અભિષાપ | |
| ૧૨. એક શ્રેષ્ઠ ભારત | ૧૩. મારું કૌશલ્ય |

| બાળમેળા યોજવાની તારીખોઃ- | | |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા – | ધોરણ ૧ થી ૫ | તારીખ ૨૭/૦૭/૨૦૨૪ |
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા – | ધોરણ ૬ થી ૮ | તારીખ ૦૩/૦૮/૨૦૨૪ |

## બાળમેળા ગ્રાંટ ફાળવણીની વિગતઃ-

| ક્રમ | વિદ્યાર્થીની સંખ્યા | શાળા દીઠ રકમ |
|---|---|---|
| ૧ | ૧ થી ૧૦૦ | રૂ. ૮૪૦/- |
| ૨ | ૧૦૧ થી ૨૦૦ | રૂ. ૧૦૪૦/- |
| ૩ | ૨૦૧ થી ૪૦૦ | રૂ. ૧૨૪૦/- |
| ૪ | ૪૦૧ થી ૬૦૦ | રૂ. ૧૪૩૦/- |
| ૫ | ૬૦૧ થી ૮૦૦ | રૂ. ૧૬૩૦/- |
| ૬ | ૮૦૧ થી ૧૦૦૦ | રૂ. ૧૮૩૦/- |
| ૭ | ૧૦૦૧ થી વધુ | રૂ. ૨૨૩૦/- |

- બાળમેળા અને લાઇફસ્કીલ બાળમેળા યોજાઇ ગયા બાદ શાળા કક્ષાના ખર્ચની માહિતી / યુટીલાઇઝેશન સર્ટીફીકેટ તમામ બીઆરસી / યુઆરસી એ મેળવીને ડાયેટ ખાતે જમા કરાવવાનું રહેશે.
- બાળમેળાના વિડીયો, ફોટોગ્રાફસ, એકત્ર કરીને શાળાવાર અને ઝોન / તાલુકા વાર અહેવાલ બનાવવાનો રહેશે અને એક કોપી ડાયેટ ખાતે જમા કરાવવાની રહેશે.
- બાળમેળાની ગ્રાંટ યુઆરસી/બીઆરસી ના ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે જે શાળાદીઠ RTGS થી ગ્રાંટ ફાળવીને તેની એક કોપી ડાયેટને મોકલવાની રહેશે.

નોંધઃ- બાળમેળા અંગેની વિગતે માહિતી સંદર્ભદર્શિત પત્રમાં બતાવેલ છે તે સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે ધ્યાને લેવા વિનંતી છે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ શહેર

બિડાણઃ- જીસીઇઆરટી, ગાંધીનગરનો તા. ૧૫/૦૭/૨૦૨૪ નો પત્ર

નકલ સવિનય રવાના જાણ સારૂઃ-

૧. માન. સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર.

નકલ રવાના જાણ તથા અમલ સારૂં:-

યુઆરસી, તમામ, નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ

14538-14648

સચિવ

ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૪-૨૦૨૫/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
"વિદ્યાભવન" સેક્ટર-૧૨, ગાંધીનગર
ઈમેલઃ gcerttraining@gmail.com
તારીખઃ 15 JUL 2024

પ્રતિ,
**પ્રાચાર્યશ્રી,**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

**વિષય:- વર્ષ:2024-2025માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના આયોજન બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં ભલામણ કરી છે કે "કલા, ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે** "આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ **1** થી **5** ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ **6** થી **8** ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) આધારિત બાળમેળા ની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓઅને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

1. **બાળમેળાના મુખ્ય હેતુઓ-**
   - વિદ્યાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
   - વિદ્યાર્થીઓમાં સહકાર,નેતૃત્વ,લોકશાહીની ભાવના,સાહસિકતા વગેરની ખિલવણી થાય.
   - વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
   - વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
   - વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
   - વિદ્યાર્થીઓની મનોસામાજીક માવજત થાય.
2. **લાઇફ સ્કીલમેળાના મુખ્ય હેતુઓ-**

- ○ વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
- ○ જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ,સફળ,સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.
- ○ વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- ○ પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- ○ શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

**નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.**

- તા.**27-7-2024** શનિવારના દિવસે ધો. **1** થી **5** ના બાળકો માટે બાળમેળો અને તા.**03-08-2024** શનિવારના દિવસે ધો. **6** થી **8** ના બાળકો માટે (બાળમેળો) લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.
- બાળમેળો અને લાઇફસ્કીલ મેળાની પ્રવૃત્તિ માટે ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલનો સમાવેશ કરવાનો રહેશે.
- શાળાના બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર શાળામાં બાળમેળો અને લાઇફસ્કીલ મેળા યોજાય તેવું આયોજન કરવાનું રહેશે.
- બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની પ્રવૃત્તિ પૂર્વે શિક્ષકે જે તે પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યાર બાદ બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની જુદી જુદી પ્રવૃત્તિમાં શાળાના દરેક બાળકો ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા ગ્રુપમાં રોટેશન મુજબ આયોજન કરવું.
- બાળમેળા અને લાઇફસ્કીલ મેળાબંનેમાં "**ટોક શો**" ની પ્રવૃત્તિમાં નીચે સૂચિત વિષયો આપવામાં આવેલ છે. આ સિવાયના વિષયો આપના અનુભવના આધારે ઉમેરી શકાશે.
  - ○ "**ટોક શો**"**ના સૂચિત વિષયોઃ**

    (૧) મારા સપનાનું ભારત (૨) મારી શાળા મારા વિચારો
    (૩) પર્યાવરણ બચાવો દેશ બચાવો (૪) મારી સામાજિક ફરજ
    (૫) સ્વાથ્ય અને સુખાકારી, (૬) ટ્રાફીક અવેરનેશ,
    (૭) પોક્ષણયુક્ત ખોરાકનો સ્વીકાર, (૮) મારી સલામતી સૌની સલામતી,
    (૯) આપણો સાંસ્કૃતિક વારસો, (૧૦) આપણા ઉત્સવો
    (૧૧) ઇન્ટરનેટ અને ટેકનોલોજી – આશીર્વાદ કે અભિશાપ,
    (૧૨) એક ભારત શ્રેષ્ઠ ભારત, (૧૩) મારૂ કૌશલ્ય – મારું ભવિષ્ય,
- **બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક સૂચિત પ્રવૃત્તિઓ અહીં આપવામાં આવેલ છે. આ સિવાયની પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકાશે.**

**(૧) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓઃ**

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા, બાળવાર્તા આધારિત નાટક, માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, બાળ રમતો, એકમિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય, પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

**(૨) (બાળમેળો) લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓઃ–**

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર રીપેર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુક્સાનની સમજ, હાથ ઉપર મહેંદી લગાવવી, વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, રંગોળી બનાવવી વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br><br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજ વંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિકમેલા અંતર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન/ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણ ના પાઠ્યપુસ્તકમાં શા.શિ. ના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

- આ સાથે મોનીટરીંગ માટેનું મૂલ્યાંકન–મોનીટરીંગ ફોર્મ સામેલ છે. બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા યોજાય તે દરમ્યાન ડાયટના લેકચરરશ્રી દ્વારા મોનીટરીંગ કરવું અને આ ફોર્મ અવશ્ય ભરવું અને તેનું વિશ્લેષણ કરી તારણો તારવવા.
- જિલ્લામાં બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા યોજાય તે દરમ્યાન ફોટોગ્રાફ તેમજ જુદી જુદી પ્રવૃત્તિઓની વીડીયો ક્લીપ બનાવવાની રહેશે.
- **બાળમેળા અને લાઇફ સ્કીલ મેળા યોજવા માટેની ગ્રાન્ટ ફાળવણીનું પત્રક આ સાથે સામેલ છે.**
- બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીની સંખ્યા આધારિત મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રા.શિ.સ. સંચાલિત પ્રા. શાળા, મહાનગર પ્રા.શિ.સ. સંચાલિત પ્રા. શાળા, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ સ્કૂલ પ્રત્યેક શાળાને નીચે મુજબ વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી નીચે મુજબ શાળા કક્ષાએ **RTGS** થી કરવાની રહેશે.

| ક્રમ | વિદ્યાર્થીની સંખ્યા | શાળા દીઠ રકમ |
|---|---|---|
| 1 | 1 થી 100 | રૂા. 840 |
| 2 | 101 થી 200 | રૂા. 1040 |
| 2 | 201 થી 400 | રૂા. 1240 |
| 3 | 401 થી 600 | રૂા. 1430 |
| 4 | 601 થી 800 | રૂા. 1630 |
| 5 | 801 થી 1000 | રૂા. 1830 |
| 6 | 1001થી વધુ | રૂા. 2230 |

- જિલ્લામાં બાળમેળા/લાઇફસ્કીલમેળા યોજાઇ ગયા બાદ એક માસમાં શાળા કક્ષાના ખર્ચની માહિતી / યુટીલાઝેશન સર્ટી મેળવીને ડાયટ કક્ષાએ રાખવાના રહેશે.
- જિલ્લામાં બાળમેળા/લાઇફસ્કીલમેળા યોજાઇ ગયા બાદ દરેક પ્રવૃત્તિની વીડીયો ક્લીપ્સ તેમજ ફોટોગ્રાફ્સ જીસીઇઆરટી દ્વારા આયોજન કરવામાં આવે ત્યારે WE શાખાના લેકચરરે રીવ્યુ બેઠકમાં અચૂક લઇને આવવાનું રહેશે.
- જિલ્લામાં બાળમેળા યોજાઇ ગયા બાદ તેના ફોટોગ્રાફ્સ/વીડીયો ક્લીપ્સ/ડોક્યુમેન્ટરી અહેવાલ ડાયેટની વેબસાઇટ પર અપલોડ કરવાનો રહેશે.
- બાળમેળા યોજાયા બાદ ડાયટે યુટિલાઇઝેશન સર્ટીફિકેટ જીસીઇઆરટીને દિન-10 માં મોકલવાનું રહેશે. (આ સાથે સામેલ છે)

નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ અનુમતિ અનુસાર

(એસ. જે. ડુમરાળિયા)
**સચિવ**
જીસીઇઆરટી,
ગાંધીનગર

**બિડાણઃ**
(૧) ગ્રાન્ટ ફાળવણી પત્રક વર્ષઃ 2024-2025 અને મોડ્યૂલ
(૨) બાળમેળા માટે મૂલ્યાંકન–મોનીટરીંગ ફોર્મ
(૩) લાઇફ સ્કીલ મેળા માટે મૂલ્યાંકન-મોનીટરીંગ ફોર્મ
(૪) વર્ષઃ2024-2025નું બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ

**નકલ જાણ સારુઃ–**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (મારફત-ડાયેટ)
- જિલ્લા પ્રોજેકટ કોઓર્ડીનેટરશ્રી, તમામ (મારફત-ડાયેટ)
- શાસનાધિકારીશ્રી, તમામ (મારફત-ડાયેટ)

# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**બાળમેળો વર્ષ: 2024-2025**

**મૂલ્યાંકન/મોનીટરીંગ ફોર્મ**

**તારીખ:.................................**

**શાળાનું નામ:** ..........................................................................................................

**જિલ્લો:** .....................................**તાલુકો:** .......................................... **કલસ્ટર:** .....................................

**બાળમેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા:ધો. ૧ થી ૫: કુમાર-** .............**કન્યા:** .......................**કુલ**............

**નિરીક્ષણનો સમયગાળો:** ............................ **થી** ....................................

| ક્રમ | વિધાન | હા / ના |
|---|---|---|
| ૧ | બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | |
| ૩ | બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. | |
| ૪ | બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | |
| ૫ | બી.આર.સી. , સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ દ્વારા બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. | |
| ૬ | બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલછે. | |
| ૭ | બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | |
| ૮ | બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | |
| ૯ | બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | |
| ૧૦ | બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | |
| ૧૧ | બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા વધુ સારી રીતે ખીલવી શકાયછે. | |
| ૧૨ | બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | |
| ૧૩ | બાળમેળાકાર્યક્રમના દસ્તાવેજીકરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૧૪ | બાળમેળા દરમ્યાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | |
| ૧૫ | બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલછે. | |
| ૧૬ | બાળમેળાની એક દિવસની સમયમર્યાદા શાળા કક્ષાએ વધારવી જોઇએ. | |
| ૧૭ | બાળમેળા દરમ્યાન વિદ્યાર્થીઓ–શિક્ષકો–શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | |
| ૧૮ | સમગ્ર બાળમેળોનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | |

મોનીટરીંગ કરનારનું નામ: ........................................................................ સહી..........................

હોદો: ..............................................................................................

સંસ્થાનું નામ: ...........................................................................................

# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ , ગાંધીનગર

## લાઇફ સ્કીલ બાળમેળો વર્ષઃ 2024-2025

## મૂલ્યાંકન/મોનીટરીંગ ફોર્મ

તારીખઃ .............................

**શાળાનું નામઃ** ..................................................................................................................

**જિલ્લોઃ** ........................................**તાલુકોઃ** ........................................ **કલસ્ટરઃ** ...................................

**લાઇફ સ્કીલ બાળમેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાઃ ધો.૬ થી ૮ કુમાર-**.........**કન્યાઃ** ..........**કુલઃ**............

**નિરીક્ષણનો સમયગાળોઃ** .................. **થી** .......................

| ક્રમ | વિધાન | હા/ના |
|---|---|---|
| ૧ | લાઇફ સ્કીલબાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલબાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | |
| ૩ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. | |
| ૪ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | |
| ૫ | બી.આર.સી.,સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા લાઇફ સ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. | |
| ૬ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલછે. | |
| ૭ | લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | |
| ૮ | લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | |
| ૯ | લાઇફ સ્કીલ બાળમેળાસંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | |
| ૧૦ | લાઇફ સ્કીલ બાળમેળાદ્વારા બાળકો સ્વયં સ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | |
| ૧૧ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો વધુ સારી રીતે ખીલવી શકાય છે. | |
| ૧૨ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | |
| ૧૩ | લાઇફ સ્કીલ બાળમેળા પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે. | |
| ૧૪ | લાઇફ સ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરુરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૧૫ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન એસએમસીના સભ્યોનો સહકારમેળવવામાં આવેલ છે. | |
| ૧૬ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિધાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલછે. | |
| ૧૭ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન વિધાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | |
| ૧૮ | સમગ્ર લાઇફ સ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | |

મોનીટરીંગ કરનારનું નામઃ ............................................................ સહી...........................

હોદો: ...........................................................................

સંસ્થાનું નામઃ ................................................................